

ડૂબેલ માની અમને ભલે બુદબુદા હશે સાગર ઉલેચશું અને મોતી લુંટાવશું

આપના માટે વિક્રમ સંવત ૨૦૮૩ નું વર્ષ ભરતી-ઓટ જેવું સાબિત થશે. ગુરુ અને શનિ બંને ગ્રહો વર્ષ દરમિયાન બે-બે રાશિઓમાં ભ્રમણ કરશે. તેથી ક્યારેક રાહતની લહેર આવશે, તો ક્યારેક ચિંતાનાં વાદળો ઘેરાશે. વર્ષનો પૂર્વાર્ધ કસોટીનો છે, પરંતુ ૨૫ જૂન ૨૦૨૭ પછી ગ્રહો પડખું ફેરવશે અને ઉત્તરાર્ધ નવી ઊર્જા અને આશા લાવશે. આ વર્ષનો મૂળમંત્ર છે: ઉતાવળ નહીં, સંયમ અને સમજદારી.

માનસિક સ્થિતિ : ચિંતાનાં વાદળો વચ્ચે આશાનું કિરણ

વર્ષના પ્રારંભિક મહિનાઓમાં મન અજંપા અને અસ્થિરતાનો અનુભવ કરશે. શનિની પનોતી ક્યારેક વિના કારણ બેચેની, ગભરાટ અને નિરાશા જન્માવી શકે. ખાસ કરીને ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન નાની બાબતો પણ મોટી ચિંતાનું સ્વરૂપ લઈ શકે. આ સમયે ધ્યાન, પ્રાણાયામ અને આધ્યાત્મિક વાચન આપનો સાચો સહારો બનશે. **જૂનના અંત પછી મનનો ભાર હળવો થશે અને આત્મવિશ્વાસ ફરી પાટે ચડશે.**

આરોગ્ય : બેદરકારી ભારે પડી શકે છે

વૈશાખ વદ બારસ (આશરે ૨ જૂન) સુધી લોખંડના પાયે ચાલતી અઢી વર્ષની પનોતી અને ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન અષ્ટમ સ્થાનનો ગુરુ સ્વાસ્થ્યની ચિંતા વધારશે. જૂની બીમારી ફરી માથું ઊંચકે અથવા વારસાગત રોગ સામે આવે તેવી શક્યતા છે. હૃદયરોગ કે કોલેસ્ટ્રોલની તકલીફ ધરાવતા જાતકોએ વિશેષ સાવચેતી રાખવી. છાતીમાં દુખાવો કે શ્વાસમાં તકલીફ જણાય તો તરત તબીબી તપાસ કરાવવી. **૯ માર્ચથી ૨૬ એપ્રિલનો ગાળો સૌથી નાજુક ગણાય.** ૨૫ જૂન પછી આરોગ્યમાં ક્રમશઃ સુધારો થશે. જો કે વજન વધવાની શક્યતા છે, અને ૧૭ જુલાઈથી ૧૭ ઑગસ્ટ દરમિયાન કમરના દુખાવાથી સાવધ રહેવું.

ધંધો-વેપાર : પડકારો વચ્ચે ધીરજની કસોટી થશે

વેપારી વર્ગે આ વર્ષે "જે છે તે સાચવો" નીતિ અપનાવવી. નવું સાહસ કે મોટું જોખમ ટાળવું અને અજાણી વ્યક્તિઓની મીઠી વાતોમાં ન આવવું. પનોતીના કારણે **વૈશાખ વદ બારસ સુધી કામકાજમાં રુકાવટ આવશે, કારીગરોની સમસ્યા રહેશે અને ઓર્ડર પૂરા કરવામાં વિલંબ થશે.** ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂનનો ગાળો સૌથી પડકારજનક છે. આ સમયમાં ઘરાકી ઘટે, જૂનાં ગ્રાહકો હાથમાંથી સરકી જાય અને ખર્ચ આવક કરતાં આગળ દોડે. ભાગીદારીમાં અને ભાઈઓ સાથેના સંયુક્ત ધંધામાં વિખવાદ થઈ શકે, માટે ઠંડા મગજે નિર્ણય લેવા. વર્ષના પ્રારંભથી ૨૪ જાન્યુઆરી સુધી અને ૨૫ જૂનથી વર્ષાન્ત સુધી ગુરુનો સાથ મળશે. આ સમયમાં નવા ઓર્ડર, નવાં ગ્રાહકો અને પરદેશ સાથેના કામમાં સફળતા મળશે.

નોકરી : સંઘર્ષ પછી સફળતાનાં દ્વાર ખૂલશે

નોકરિયાત વર્ગ માટે વર્ષનો પૂર્વાર્ધ ધૈર્યની પરીક્ષા લેશે. આપની મહેનતનો જશ બીજા લઈ જાય, ઉપરીઓ અને સહકર્મચારીઓ તરફથી અસહકાર મળે અને ઈર્ષ્યાળુ વર્ગ પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના પ્રયાસ કરે. **વિશ્વાસુ ગણાતી વ્યક્તિ જ દગો દઈ શકે, માટે અંગત વાતો સૌને ન કહેવી.** ૨૪ જાન્યુઆરી સુધી થોડી સરળતા રહેશે અને પરદેશ સંબંધિત કામમાં પ્રગતિ થશે. ૨૫ જૂન પછી પનોતી પૂર્ણ થતાં અટકેલાં કામો ઉકેલાશે અને ઉપરીઓ કામની કદર કરશે. બઢતી, બદલી કે નવી તકના યોગ પણ સર્જાશે.

નાણાંકીય સ્થિતિ : આવક કરતાં ખર્ચનું પલ્લું ભારે

આર્થિક રીતે વર્ષ મધ્યમ રહેશે. ૫ ડિસેમ્બર ૨૦૨૬થી રાહુ ધન ભુવનમાં આવતાં આકસ્મિક ખર્ચ વધશે અને ઉઘરાણીનાં નાણાં મેળવવામાં વિલંબ થશે. **૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન આરોગ્ય અને કૌટુંબિક પ્રસંગો પાછળ અણધાર્યો ખર્ચ આવતાં બચતમાં**



ગાબડું પડી શકે. આ સમયે મોટું રોકાણ કે ઉધાર-ઉછીના ટાળવા. ૨૫ જૂન પછી આવક ફરી શરૂ થશે અને જૂની ઉઘરાણી છૂટી થશે. છતાં આખું વર્ષ આકસ્મિક ખર્ચ માટે અલગ જોગવાઈ રાખવી હિતાવહ છે.

પારિવારિક અને પ્રેમ સંબંધો : ગેરસમજ ટાળો, સંબંધોની મીઠાશ જાળવો

પનોતીના પ્રભાવે માતા-પિતાના આરોગ્યની ચિંતા રહે. ૯ માર્ચથી ૨૬ એપ્રિલ દરમિયાન સંતાનોના અભ્યાસ, આરોગ્ય અને કારકિર્દી અંગે ઉચાટ રહે. સંયુક્ત મિલકત અને ભાઈ-ભાંડુઓ સાથેના પ્રશ્નો ઊભા થાય, પરંતુ વર્ષાન્તે તેનો સુખદ ઉકેલ આવશે. પ્રેમ સંબંધોમાં વર્ષનો પૂર્વાર્ધ ગેરસમજ અને અબોલાનો રહી શકે, સાંસારિક સુખોમાં ઊણપ આવતી જણાય માટે સમજદારી રાખવી અને વાણીમાં સંયમ રાખવો. **લગ્ન કે સગપણ માટે ૨૫ જૂન પછીનો સમય વધુ અનુકૂળ ગણાય. જીવનસાથીનો સહકાર આપને માનસિક બળ આપશે.**

શિક્ષણ : એકાગ્રતા અને પરિશ્રમ સફળતા અપાવશે

વિદ્યાર્થીઓએ વર્ષના પ્રારંભથી જ અભ્યાસનું આયોજન કરીને તૈયારીમાં લાગી જવું અને ખોટી સંગતથી દૂર રહેવું. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન વાંચનમાં મન ન લાગે અને યાદ રાખેલું ભુલાઈ જાય. ૯ માર્ચથી ૨૬ એપ્રિલ દરમિયાન પરીક્ષાના સમયે વિશેષ ધ્યાન આપવું. વર્ષનો આરંભ અને ૨૫ જૂન પછીનો ગાળો અભ્યાસ માટે ઉત્તમ છે.

કોર્ટ-કચેરી : વિવાદોમાં સમાધાનનો માર્ગ અપનાવવો હિતાવહ

કોર્ટ-કચેરીનાં કામોમાં ધીમી ગતિ રહેશે. ૯ માર્ચથી ૨૬ એપ્રિલ દરમિયાન કોર્ટ કેસ પાછળ ખર્ચ વધશે. **કોઈ પણ કાગળ વાંચ્યા વિના સહી ન કરવી.** સંયુક્ત મિલકતના વિવાદ કોર્ટ સુધી પહોંચે તે પહેલાં સમાધાનનો માર્ગ શોધવો. ૨૫ જૂન પછી અટકેલા કેસોમાં અનુકૂળ પ્રગતિ થવાની શક્યતા છે.

સરકારી કામકાજ : વિલંબ પછી કામોમાં ગતિ આવશે

સરકારી અને ખાતાકીય કામોમાં વર્ષના પૂર્વાર્ધમાં અવરોધો આવશે. ૯ માર્ચથી ૨૬ એપ્રિલ દરમિયાન સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડે અને ખર્ચ વધે. અધિકારીઓ સાથે વિવાદ ટાળવો. **૨૫ જૂન પછી અટકેલાં સરકારી કામોમાં ગતિ આવશે.**

પ્રવાસ : સાવચેતી સાથે પ્રવાસનો આનંદ માણો

વર્ષના આરંભે તેમજ ઉત્તરાર્ધમાં પરદેશ પ્રવાસની શક્યતા બને છે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન બિનજરૂરી પ્રવાસ ટાળવો. ખાસ કરીને ૯ માર્ચથી ૨૬ એપ્રિલ દરમિયાન વાહન સાવધાનીથી ચલાવવું. **વર્ષના અંતભાગમાં ધાર્મિક યાત્રા કે કુટુંબ સાથેના પ્રવાસનો આનંદ મળશે.**

શેરબજાર અને રોકાણ : લાલચ છોડો, મૂડીનું જતન કરો

ધન ભુવનનો રાહુ સટ્ટાકીય પ્રવૃત્તિ તરફ આકર્ષણ વધારે, પરંતુ **ઝડપી નફાની લાલચ ભારે પડી શકે.** ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન દરમિયાન શેરબજાર, વાયદા કે ઊંચા જોખમવાળા રોકાણથી દૂર રહેવું. ટિપ્સ અને અફવાઓના આધારે નિર્ણય ન લેવા. ૨૫ જૂન પછી લાંબા ગાળાનું, સમજપૂર્વકનું રોકાણ મર્યાદામાં રહીને વિચારી શકાય.

(શીર્ષક પંક્તિ : શૂન્ય પાલનપુરી)

મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

● **ગુરુની અસર:** વર્ષના પ્રારંભે ગુરુ આપના ભાગ્ય સ્થાન (સિંહ રાશિ)માંથી પસાર થતાં ૨૪ જાન્યુઆરી ૨૦૨૭ સુધી રાહત અને સાથ આપશે. ૨૪ જાન્યુઆરીથી ૨૫ જૂન સુધી ગુરુ વક્રી ગતિએ અષ્ટમ સ્થાન (કર્ક રાશિ)માં પરત ફરશે. તે આરોગ્ય, નાણાં, નોકરી-ધંધો અને અભ્યાસ, તમામ ક્ષેત્રે પ્રતિકૂળતા સર્જશે. **૨૫ જૂનથી ગુરુ ફરી ભાગ્ય સ્થાનમાં આવશે. ત્યારથી વર્ષાન્ત સુધી ભાગ્યોદય અને કાર્યસફળતાનો માર્ગ મોકળો થશે.**

● **શનિની અસર:** વર્ષના પ્રારંભથી વૈશાખ વદ બારસ (આશરે ૨ જૂન ૨૦૨૭) સુધી શનિ ચતુર્થ સ્થાન (મીન રાશિ)માં રહેશે, તેથી **લોખંડના પાયે અઢી વર્ષની પનોતી ચાલુ રહેશે.** ઘર-પરિવાર, માતા-પિતાનું આરોગ્ય અને માનસિક શાંતિ પર તેની અસર વર્તાશે. ત્યારબાદ શનિ પંચમ સ્થાન (મેષ રાશિ)માં પ્રવેશતાં પનોતી પૂર્ણ થશે, જો કે સંતાન સંબંધી જવાબદારી વધશે.

● **રાહુની અસર:** ૫ ડિસેમ્બર ૨૦૨૬થી રાહુ ધન ભુવન (મકર રાશિ)માં પ્રવેશશે. તેના પ્રભાવથી આકસ્મિક ખર્ચ, ઉઘરાણીમાં વિલંબ અને વાણીના કારણે કુટુંબમાં મનદુઃખ થઈ શકે. **આર્થિક શિસ્ત અને મીઠી વાણી રાહુના પ્રભાવને હળવો કરશે.**